# <u>કોંગ્રેસના કાર્યકરો, સમર્થકો અને શુભચિંતકો માટે શ્રી રાહુલ ગાંધીનો સંદેશ</u>

મને કોંગ્રેસ પાર્ટીની સેવા કરવાનો મોકો મળ્યો જે એક સમ્માનની વાત છે, જેના મૂલ્યો અને આદર્શોએ આપણા સુંદર રાષ્ટ્રના નિર્માણના પાયામાં સિંચન કર્યું છે. મને અસિમ પ્રેમ આપવા બદલ સંગઠન અને રાષ્ટ્ર પ્રત્યે હું કૃતજ્ઞ છું.

કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ તરીકે, હું 2019 ની ચૂંટણીમાં મળેલી હારની જવાબદારી લઉં છું. આપણાં પક્ષના ભાવિ વિકાસ માટે જવાબદારી સુનિશ્ચિત કરવી અત્યંત મહત્વપૂર્ણ છે. આ જ કારણસર મેં કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે.

કોંગ્રેસ પાર્ટીના પુનઃ ઘડતર માટે કઠોર નિર્ણયો લેવાની તથા 2019 ચૂંટણીની નિષ્ફળતા માટે ઘણાં લોકોએ જવાબદારી સ્વીકારવાની જરૂર છે. પરંતુ પક્ષના પ્રમુખ તરીકેની મારી જવાબદારીને અવગણીને બીજાને જવાબદાર ઠેરવવું ગેરવ્યાજબી ગણાશે.

મારા ઘણા સાથી મિત્રોએ સૂચવ્યું કે હું કોંગ્રેસના આગામી પ્રમુખને નોમિનેટ કરું. કોંગ્રેસ પાર્ટી માટે સબળ નેતૃત્વ મહત્વપૂર્ણ છે, પરંતુ તે વ્યક્તિને હું પસંદ કરું એ અયોગ્ય ગણાશે. આપણી પાર્ટી સમૃદ્ધ ઇતિહાસ અને વારસો ધરાવે છે તથા સંઘર્ષની ગરિમા ધરાવતી પાર્ટી પ્રત્યે મને ખૂબ જ માન છે. તે ભારતના અખંડ ઢાંચા સાથે વણાયેલી છે અને હું દ્રઢ પણે માનું છું કે હિંમત, પ્રેમ અને નિષ્ઠા સાથે કોણ નેતૃત્વ કરશે તે અંગેનો  ન્યાયપૂર્ણ નિર્ણય આપણી પાર્ટી જરૂર કરશે.

રાજીનામા આપ્યા પછી તરત જ, મેં મારા કોંગ્રેસ કાર્યકારી સમિતિના સાથીઓને સૂચવ્યું કે નવા પ્રમુખને શોધવાની કામગીરી એક વિશેષ જૂથને સોંપવી જોઈએ. મેં તેમને આ કરવાની સત્તા આપી છે અને આ પ્રક્રિયા તથા પરિવર્તન માટે મારું  સંપૂર્ણ સમર્થન છે.

મારો સંઘર્ષ ક્યારેય રાજકીય શક્તિ માટે એક સરળ લડત નહોતો. મને ભાજપ પ્રત્યે કોઈ દ્વેષ અથવા ગુસ્સો નથી, પરંતુ મારા શરીરમાં રહેલા લોહીના પ્રત્યેક ટીપાં સહજરૂપથી ભારત પ્રત્યેના તેમના વિચારોનો વિરોધ કરે છે.

આ પ્રતિકાર એટલા માટે ઉદ્ભવ્યો છે, કારણ કે મારુ અસ્તિત્વ જે ભારતીય વિચારધારા સાથે સંકળાયેલું છે તેની સાથે તેમની વિચારધારાનો સીધો સંઘર્ષ રહ્યો છે. આ કોઈ નવી લડાઈ નથી; વિચારધારાની આ લડાઈ સૈકાઓથી ચાલતી આવી છે. જ્યાં તેઓ ભેદભાવ જુએ છે, ત્યાં હું સમાનતા જોઉં છું. જ્યાં તેઓ ધિક્કાર જુએ છે, ત્યાં હું પ્રેમ જોઉં છું. જ્યાં તેઓનો ડર છે, તેનો હું સહજ સ્વીકાર કરું છું.

આ કરુણાસભર વિચાર મારાં પ્રિય અનેક લોકોમાં આજે પણ ધબકે છે. આ ભારતની વિચારધારા છે જેની આપણે રક્ષા કરવાની છે .

આપણા દેશ અને આપણા બંધારણ પર હુમલો આપણા દેશના મજબૂત તાણાવાણાને નષ્ટ કરવા માટે થયો છે. કોઈપણ રીતે, હું આ લડાઈમાં પાછળ હટી નથી રહ્યો. હું કોંગ્રેસ પાર્ટીનો વફાદાર સૈનિક છું અને ભારતનો સમર્પિત પુત્ર છું અને હું મારા છેલ્લા શ્વાસ સુધી તેને સમર્પિત છું અને તેનું રક્ષણ કરતો રહીશ.

આપણે મજબૂત રીતે ગરિમા સાથે ચૂંટણી લડ્યા. આપણું અભિયાન ભારતના તમામ લોકો, ધર્મો અને સમુદાયો માટે ભાઇચારા, સહનશીલતા અને આદર સાથેનું હતું. હું અંગત રીતે પ્રધાનમંત્રી, આરએસએસ અને તેમનાં કબ્જા હેઠળની બધી સંસ્થાઓ સામે લડ્યો છું.

હું લડ્યો કારણ કે હું ભારતને પ્રેમ કરું છું અને ભારતનું નિર્માણ જે આદર્શો અને મૂલ્યો પર થયું છે તેને સુરક્ષિત રાખવા માટે મેં સંઘર્ષ કર્યો. ઘણી વાર, હું સાવ એકલો અડગ ઊભો રહ્યો અને મને તેના પર ગર્વ છે. હું મારાં તમામ પુરુષ અને

મહિલા કાર્યકર્તાઓ પાસેથી, પક્ષના સભ્યોની ભાવના અને સમર્પણથી ઘણું શીખ્યો છું, તેમણે મને પ્રેમ અને શાલીનતા શીખવી છે.

સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી માટે કોઈપણ દેશની સંસ્થાઓની નિષ્પક્ષતા અનિવાર્ય છે; કોઈ પણ ચૂંટણી - સ્વતંત્ર પ્રેસ, સ્વતંત્ર ન્યાયતંત્ર અને પારદર્શક ચૂંટણી પંચ જેવા હેતુપૂર્ણ અને તટસ્થ મધ્યસ્થિઓ વગર નિષ્પક્ષ ન થઈ શકે છે. જો કોઈ પાર્ટી પાસે નાણાકીય સંસાધનો પર સંપૂર્ણ એકાધિકાર હોય તો પણ ચૂંટણી સ્વતંત્ર થઈ શકે નહીં.

2019 ની ચૂંટણીઓમાં અમારી લડાઈ માત્ર કોઈ એક રાજકીય પક્ષ સામે ન હતી. પરંતુ અમારી લડાઈ એવી સરકારી વ્યવસ્થા સામે હતી જેની દરેક સંસ્થાઓ વિપક્ષનાં વિરુદ્ધ હતી. હવે તે સ્પષ્ટ થઈ ગયું છે કે આપણી સંસ્થાકીય તટસ્થતા અસ્તિત્વમાં નથી રહી.

આપણા દેશનાં સંસ્થાકીય માળખા પર કબજો કરનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો ઘોષિત ઉદેશ હવે પૂરો થઈ ગયો છે. આપણી લોકશાહીને મૂળભૂત રૂપથી નબળી બનાવી દેવામાં આવી છે. આપણી સામે એક વાસ્તવિક જોખમ ઊભું થયું છે કે હવે ચૂંટણી એ ભારતનું ભવિષ્ય નક્કી કરવાની જગ્યાએ માત્ર એક ઔપચારિકતા જ બની રહેશે.

લોકશાહીના પાયા સમાન સંસ્થાઓ પર કબજો કરવાથી ભારતમાં અકલ્પ્ય સ્તરની હિંસા અને પીડા ઉત્પન થશે. ખેડૂતો, બેરોજગાર યુવાનો, સ્ત્રીઓ, આદિવાસીઓ, દલિતો અને લઘુમતીઓને સૌથી વધુ નુકશાન વેઠવું પડે તેમ છે. આપણા અર્થતંત્ર અને રાષ્ટ્રની પ્રતિષ્ઠા પર આની અસર ઘાતક હશે. વડાપ્રધાનની જીતથી તેમનાં વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપોની ગંભીરતા ઓછી નથી થતી; કોઈ પણ કક્ષાનો પ્રચાર કે કોઈ પણ માત્રામાં ધન, ક્યારેય સત્યના પ્રકાશને છુપાવી નથી શકતું .

ભારત દેશે તેની સંસ્થાઓને ફરીથી પુનર્જીવિત કરવા માટે એક થવું ખૂબ જરૂરી છે. અને આ પુનર્જીવનનું માધ્યમ કોંગ્રેસ પાર્ટી જ હશે. આ મહત્વના લક્ષ્યને હાંસલ કરવા માટે, કોંગ્રેસ પાર્ટીએ ધરમૂળથી પરીવર્તન લાવવું પડશે.

આજે, ભાજપ ભારતનાં લોકોનાં અવાજને કચડી રહ્યું છે. આ અવાજનો બચાવ કરવો એ કોંગ્રેસ પાર્ટીની ફરજ છે. ભારત દેશ ક્યારેય માત્ર એક અવાજ નથી રહ્યો. તે હંમેશાં અવાજોનો સમૂહ રહ્યો છે. ભરતમાતાનો સાચો અર્થ પણ આ જ છે.

હજારો ભારતીયો જેમણે મને પત્રો મોકલ્યા છે અને દેશ અને વિદેશથી જેમણે સંદેશાઓ દ્વારા મને ટેકો આપ્યો છે અને મારામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે તેમનો હું ખૂબ ખૂબ આભારી છું. હું મારી સંપૂર્ણ તાકાતથી કોંગ્રેસ પક્ષના આદર્શો માટે લડવાનું ચાલુ રાખીશ. જ્યારે પણ તેઓને મારી સેવાઓ અથવા મારાં સૂચનોની જરૂર હોય, ત્યારે હું પાર્ટી માટે ઉપલબ્ધ રહીશ. કોંગ્રેસની વિચારધારાને સમર્થન આપનારા લોકો માટે, ખાસ કરીને આપણાં સમર્પિત અને પ્રિય કાર્યકર્તાઓણે હું કહેવા માંગુ છું કે મને તમારા ઉપર ભરોસો છે અને આપણાં ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યે મારો સંપૂર્ણ વિશ્વાસ છે.

ભારતમાં સામાન્ય રીતે કે કોઈ પણ શક્તિશાળી સત્તાને વળગી રહે છે અને તે સત્તાનો ત્યાગ કરતાં નથી. પરંતુ આપણે આપણા વિરોધીઓને ઊંડી સૈદ્ધાંતિક લડાઈ અને સત્તાની ઇચ્છાનાં ત્યાગ વગર પરાજય આપી નહીં શકીએ.

હું જન્મથી જ કોંગ્રેસી છું અને કોંગ્રેસ પાર્ટી હમેશા મારી સાથે રહી છે, કોંગ્રેસ મારા લોહીમાં વહે છે અને હમેશા રહેશે.

જય હિન્દ

**રાહુલ ગાંધી**